ગાંધીનગર સમાચાર
તા. ૨-૫-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### નરેન્દ્રભાઈની વિજયકૂચ : ગુજરાત માટે ગૌરવવંતી ઘટના

સોળમી લોકસભા માટેના સાતમા ચરણના મતદાનમાં પણ મતદારોએ કાળઝાળ ગરમીની પરવા કર્યા વગર ઊંચું વોટિંગ કરીને રાષ્ટ્રીય જવાબદારીનું નિર્વહન કરી બતાવ્યું છે. ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીએ કહ્યું છે તેમ આ વખતની ચૂંટણી ઐતિહાસિક ચૂંટણી છે અને અત્યાર સુધીની ચૂંટણીઓમાં એ જુદી જ ભાત પાડનારી છે. છેલ્લે છેલ્લે મતદાન કર્યા પછી મોદીએ પાર્ટીનું ચૂંટણી નિશાન દર્શાવી પ્રેસ કોન્ફરન્સને સંબોધી તેની ચૂંટણી પંચે ગંભીર નોંધ લઈ એમની વિરુદ્ધ આચાર સંહિતાનો કેસ નોંધવા રાજયના પોલીસવડા તથા મુખ્ય સચિવને આદેશ કર્યો છે અને એ મુજબ પ્રથમ દર્શી કેસ રાજયના મુખ્યમંત્રી સાથે નોંધવો પડ્યો છે! યુપીએ-૨ સરકાર વિરુદ્ધ એન્ટિ-ઈન્કમ્બન્સી સ્પષ્ટ રીતે દેખાઈ રહી હોવાનું તો હવે ખુદ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સુધ્ધાં સ્વીકારવા લાગ્યા છે. ચૂંટણી પંચે એક્ઝિટ પોલ પર પ્રતિબંધ ફરમાવ્યો હોવા છતાં જે રીતે ઓપિનિયન પોલ આવી રહ્યા છે તે કોંગ્રસના પુનઃસ્થાપન માટે ચિંતાજનક છે અને એનડીએ માટે પ્રોત્સાહક છે. જો કે 'યે દિલ માગે મોર'ની તર્જ પર મોદી પ્રજા સમક્ષ 300 કમળ ખીલવવાની આરજુ ગુજારે છે તેનો કેવો પ્રતિસાદ સાંપડશે એ તો ઈવીએમ મશીનોના આંકડા જ બતાવી શકશે. કોંગ્રેસ વિરુદ્ધ એન્ટિઈન્કમ્બન્સી ઉપરાંત મોંઘવારી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ છે અને યુપીએના કેટલાક સાથી પક્ષોએ એનો સાથ છોડી દીધો છે. વળી આંધ્રપ્રદેશમાં તેલંગાણા મુદ્દે જે વિસંવાદી વાતાવરણ પ્રવર્તી રહ્યું છે તે જોતાં કોંગ્રેસને દક્ષિણ ભારતમાં પણ ખાસ્સો માર પડવાની સંભાવના છે. સામે પક્ષે ભાજપને નરેન્દ્ર મોદીના 'વેવ' ઉપરાંત ઘણા વિસ્તારોમાં હિંદુ મતોના ધ્રુવીકરણનો લાભ મળવાની શકયતા છે. દક્ષિણ ભારતમાં અને ઉત્તર-પૂર્વ તથા પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટી ખાતું ખોલાવી શકશે તો એનું શ્રેય પણ નરેન્દ્ર મોદીના ખાતે જ નોંધાશે. વિકાસના 'ગુજરાત મોડલ'નો પ્રચાર કરવા ઉપરાંત મોદીએ એમની લાક્ષણિક શૈલીમાં 'મા-બેટાની સરકાર' વિરુદ્ધ જે ચાબખા માર્યા છે, તે આમ જનતાને ગમ્યા છે. આમજનતાને ભાષાવિવેક કરતાં વિશેષ સભારંજન કરતી આક્રમત પ્રવચન શૈલી આકર્ષી શકે છે તે આ વખતી નરેન્દ્ર મોદીની વિશાળ જનમેદનીવાળી રેલીઓએ સાબિત કરી દીધું છે. મોદીના માર્કેટીંગ અને મેનેજમેન્ટ સામે કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષો ઊણા અને નબળા સાબિત થયા છે. ત્રીજા મોરચાની અને ચોથા મોરચાની ચર્ચાને પ્રજાએ ઝાઝું વજૂદ આપ્યું હોય એમ લાગતું નથી, છતાં પ્રાદેશિક પક્ષોની તાકાતને ઓછી આંકી શકાય એમ નથી. પરંતુ જે રીતે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ એકલા હાથે જે પ્રચાર ઝુંબેશ ચલાવીને પ્રજા તથા મીડિયામાં પોતાના નામનું મોજું સર્જવામાં સફળતા મેળવી છે તે જોતાં મિશન ૨૭૨+નું સપનું સાકાર થાય તો કોઈને નવાઈ ન લાગવી જોઈએ. ગુજરાત માટે તો એક રીતે એ ગૌરવની જ ઘટના ગણાશે. સરદાર વલ્લભભાઈ પટેલને થયેલા અન્યાયનો અડધો પડધો બદલો જનતા પાર્ટીના શાસનકાળમાં મોરારજીભાઈ દેસાઈને વડાપ્રધાનપદ સાંપડ્યું ત્યારે મળ્યો હતો ખરો, પરંતુ નરેન્દ્ર મોદી આટલા ભારે વિરોધ વચ્ચે પણ એમની મહત્વાકાંક્ષા આંબી શકશે તો ગુજરાત માટે એ વધુ એક ગૌરવ ઘટના જ બની રહેશે.



એ.એફ.એસ. ગાંધીનગર દ્વારા એક સમારંભ યોજાઈ ગયો. સ્ટુડન્ટ એક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમમાં ૧ વર્ષથી ગાંધીનગર એમ.બી. પટેલ વિદ્યાલયમાં અભ્યાસ કરી રહેલ ઈટાલીની સોફીયા અને જર્મનીના લુકાસ સમયમર્યાદા પૂર્ણ થવાથી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ૮મી મે પરત જઈ રહેલ આ બંને વિદેશીઓએ વર્ષ દરમ્યાન કરેલ શાળાકીય, સામાજીક કાર્યને તેમજ (યજમાન) હોસ્ટ ફેમીલી દ્વારા તેમના પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા હતા. આ બંને બાળકોએ ગુજરાતી ભાષામાં જ પોતાનો પ્રતિભાવ આપી લાગણી પ્રેમ વ્યક્ત કર્યો હતો. સ્વગૃહે જવાની ખુશી છે, છતાં ગાંધીનગરમાં જે પ્રેમ પ્રાપ્ત થયો છે તે છોડતા અશ્રુઓ આવી ગયા હતા. હાજર સૌ પણ ભાવુક થઈ ગયા હતા. ૧ વર્ષથી અહીં રહી અભ્યાસ કરતા આ સોફીયા, લુકાસે હિન્દી ફિલ્મી ગીત 'હમ તેરે બીન રહે નહીં સકતે...' ગાયુ અને સોફિયાએ રાજસ્થાની નૃત્ય અને બોલીવુડનું જાણીતા ગીત 'નગડા સંગ ઢોલ બાજે..' પર નૃત્ય રજુ કરી સૌને આશ્ચર્ય ચકિત કરી દીધા હતા. આ પ્રસંગે એ.એફ.એસ. અમદાવાદના વાઈસ પ્રેસીડેન્ટ ઉત્પલ પાઠક, કાસ્ટીંગ કો. ઓર્ડીનેટર ભાવનાબેન, સ્ટેન્ડીંગ કૉ. ઓર્ડીનેટર શ્વેતલ ગજ્જરના હસ્તે આ બંને વિદેશી વિદ્યાર્થીઓનું સ્મૃતિચિન્હ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ સાથે સ્ટુડન્ટ એક્ષચેન્જ કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે જૂન મહિનામાં એમ.બી. પટેલ વિદ્યાલયના ચંદ્રપાલસિંહ ભાટી ધો. ૧૧, પૂર્વા શર્મા ધોરણ-૧૨, અને હીલવુડ સ્કૂલના ઓભન્ના શાહ ધોરણ-૧૧ માટે અમેરિકા માટે પસંદગી કરવામાં આવી હતી. આ ત્રણેય બાળકોને પૂર્ણ સ્કોલરશીપ યોજના હેઠળ પસંદગી પામ્યા છે. જ્યારે એમ.બી. પટેલ વિદ્યાલયની જ એક વિદ્યાર્થિની પ્રેક્ષા રાવલ ધોરણ:૧૨ સ્વીઝરલેન્ડ માટે પસંદગી કરવામાં આવી છે. આ સમગ્ર લાગણીસભર કાર્યક્રમના સંચાલનમાં એએફએસ ગાંધીનગરનાં પ્રમુખ જનક ગજ્જર, સેટન્ડીંગ કૉ.ઓર્ડીનેટર દોનીલ રાઠોડ, હોસ્ટીંગ કો.ઓર્ડી. વર્ષાબેન પારેખે ભારે ઉત્સાહ દાખવ્યો હતો. જ્યારે સંચાલન કેવલ ગજ્જર, ભૌમિક ઘોરીએ કર્યુ હતુ. ઈવેન્ટ સંચાલન ઉત્પલ પટેલ, ધવલ ખટાણાએ કર્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

# માઉન્ટ કાર્મેલ શાળામાં ભૂલકાંઓના સમયમાં ફેરફાર કરાતા વાલીઓનો રોષ ભભૂકયો

### ધોરણ ૧ થી ૪ના બાળકોનો સમય નવા સત્રથી બપોરનો કરી દેવાયો : ધોરણ ૧૧ અને ૧૨ના નવા વર્ગો શરૂ કરવા શાળા સંચાલકોનો મનસ્વી નિર્ણય

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની વિખ્યાત માઉન્ટ કાર્મેલ શાળામાં ધોરણ ૧ થી ૪માં ભણતાં નાના બાળકોના શાળાના સમયમાં મનસ્વી રીતે ફેરફાર કરાતા વાલીઓમાં વિરોધ ફાટી નીકળ્યો છે. શાળા સંચાલક મંડળ દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ના નવા વર્ગો શરુ કરવા માટે આ ફેરફાર કરવામાં આવ્યો છે જેનો વાલીઓએ સખ્ત વિરોધ નોંધાવ્યો છે. અને આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારીને દરમિયાનગીરી કરવા વાલીઓએ અનુરોધ કર્યો છે. હાલ તો જૂન માસમાં જયાં સમગ્ર રાજયમાં પ્રવેશોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે માઉન્ટ કાર્મેલના બાળકોને શાળા ત્યાગ કરવી પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

માઉન્ટ કાર્મેલ શાળામાં ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના નવા વર્ગો ચાલુ કરવા માટે સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં શાળામાં ભણતા ૧ થી ૪ ધોરણના નાના ભૂલકાંઓને સવારની શાળાનો સમય બદલીને બપોરે ૧૧.૪૫ થી સાંજના ૫ વાગ્યા સુધીનો કરી દેવામાં આવતા વાલીઓમાં અસંતોષ ફેલાવા પામ્યો હતો. શાળા સંચાલકો દ્વારા વાલીઓને વિશ્વાસમાં લીધા વિના જ મનસ્વી રીતે સમયમાં ફેરફારની જાણ કરતો પત્ર પકડાવી દેવામાં આવ્યો હતો અને આ બાબતે વાલીઓને રજૂઆત કરવાનો યોગ્ય મોકો પણ આપવામાં આવ્યો ન હતો.

વાલીઓએ કરેલી રજૂઆતમાં આ સમયના ફેરફારને કારણે વાલીઓ જેમાં ખાસ કરીને નાના બાળકોની માતાઓએ પોતાના નોકરી વ્યવસાયનો ભોગ આપવો પડશે ત્યારે શાળાનો સમય સચાવી શકાશે. તદુપરાંત ઘણા ખરા પરિવારોના એક કરતા વધુ બાળકો આ શાળામાં ભણતા હોય તેમાં એક બાળક ધોરણ ૫ થી ૮માં ભણતું હોય અને બીજું બાળક ધોરણ ૧ થી ૪માં ભણતું હોય તેવી પરિસ્થિતિ છે ત્યારે તેવા પરિવારોને બંને શીફટ સાચવવામાં ખૂબ જ મુશ્કેલીભર્યુ બની રહેશે તેવી દલીલ કરાઈ છે. આ સમયે મહિલાઓના વિકાસ અને સશકિતકરણની વાતો પર નિર્ણય તમાચા સમાન બની રહેશે. વળી પ્રખર ગરમીમાં દસ વર્ષથી નિચેના બાળકો માટે બપોરનો સમય ખૂબ જ ત્રાસદાયક બની રહે તેમ છે.

વાલીઓ દ્વારા શાળાના સંચાલકો સમક્ષ આ સમયપત્રકને તાત્કાલિક અસથી રદ કરવા ઉગ્ર માંગણી કરવામાં આવી છે અને જો આમ નહિ કરવામાં આવે તો મોટા ભાગના વાલીઓએ માસ લિવીંગ અને સામૂહિક શાળા ત્યાગ જેવા આશ્ચર્યજનક કાર્યક્રમો આપવાનો પણ નિર્ધાર કરી લીધો છે. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ ના અધિકારના અસરકારક અમલીકરણ માટે રાજય સરકાર પુરી ઈચ્છાશકિતથી કાર્ય કરી રહી છે ત્યારે રાજયના પાટનગર સ્થિત બાળકોને મનસ્વી નિર્ણયને કારણે ભોગવવાનું ન આવે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ ધા નાંખી છે.

## ઈજનેરી-ફાર્મસીમાં હવે પ્રવેશ માટે નવી જ પર્સન્ટાઈલ પદ્ધતિ

અમદાવાદ, તા.૦૧

નવા શૈક્ષણિક સત્રથી એન્જિનીયરીંગ અને ફાર્મસી કોલેજોમાં પ્રવેશ માટે મેરીટ લીસ્ટ પ્રક્રિયા અન્વયે વિવાદ સર્જાયો હતો. જેના કારણે વાલીઓએ વિરોધ કરી કાયદાકીય અવરોધ ઉત્પન્ન કર્યો હતો. જેના કારણે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા એડમિશનની નવી પારદર્શક પદ્ધતિ તૈયાર કરવામાં આવી છે. નવી તૈયાર કરવામાં આવેલ પદ્ધતિ મુજબ એડમિશન માટે વિદ્યાર્થીઓના સાદા પર્સન્ટાઈલ આંકડાને ધ્યાનમાં લેવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ફાર્મસી અને એન્જિનીયરીંગ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા માટે ગત વર્ષે પ્રવેશ પદ્ધતિ સામે વાલીઓએ વાંધો ઉઠાવ્યો હતો. વાલીઓનો આક્ષેપ હતો કે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા સીબીએસઈના વિદ્યાર્થીઓના હિતમાં આ પ્રવેશ પદ્ધતિ બનાવવામાં આવી છે. જેનાથી ગુજરાતના વિદ્યાર્થીઓને અન્યાય થાય છે. આ મુદ્દે ૨૩ વિદ્યાર્થીઓએ આ પ્રવેશ પદ્ધતિને કોર્ટમાં પડકારી હતી જેમાં શિક્ષણ બોર્ડમાં ઉંચા માર્ક મેળવ્યા હોવા છતાં પર્સન્ટાઈલ નીચા હોવાથી પ્રવેશમાં અન્યાય થતી હોવાની દલીલ કરાઈ હતી ત્યારે હવે ગયા વર્ષની પદ્ધતિ સામે વાલીઓનો વિરોધ અને કાનુની અડચણોને ધ્યાનમાં લઈને આ વર્ષે શિક્ષણ બોર્ડ દ્વારા સરળ પર્સન્ટાઈલ પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે.

## કલરવ સંસ્થા દ્વારા આઠમાં બાલોત્સવ ૨૦૧૪નું આયોજન

ગાંધીનગર, તા. ૧

બાળકોના ભવિષ્યને લઈ ચિંતિત કલરવ સંસ્થા દ્વારા આઠમાં બાલોત્સવ-૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના બાળકો માટે વેકેશનનો ઉપયોગ શિખવા અને કારકિર્દીમાં ઉપયોગી થાય તે માટે તા. ૩ મે થી ૧૫ મે દરમિયાન સેન્ટઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮ ખાતે બાલોત્સવ યોજાશે. જેમાં શહેરના ૭ થી ૧૪ વર્ષના ૨૦૦ જેટલા બાળકો જોડાશે. બાલોત્સવમાં કલાના વિવિધ તજજ્ઞો દ્વારા બાળકોને ઉપયોગી તાલીમ આપવામાં આવશે અને બાલોત્સવમાં જોડાયેલા બાળકો દ્વારા તા. ૧૫, મે ના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે શૉ યોજવામાં આવશે. જેમાં તાલીમ લીધેલા બાળકો દ્વારા પરફોર્મ કરવામાં આવશે.



ટેક કોન ડૉ ગાંધીનગર દ્વારા તા. ૨૫ એપ્રિલથી ૩૦ એપ્રિલ બાળકો માટે વેકેશનનો સદઉપયોગ થાય અને શારીરિક તાલીમ અંગે જાગૃતિ આવે તે હેતુથી સે. ૬ના બગીચામાં કરાટેના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના સમાપન દિવસે સર્વે બાળકોએ પોતે શીખેલી કલાનું નિદર્શન કર્યુ હતુ. તેમજ સંસ્થા દ્વારા સર્વેને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. જનક દવે દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

## હરિની દૃષ્ટિ...



કઈ પાર્ટીમાંથી પીએમ આવે છે એની સાથે મારે કોઈ મતલબ નથી, મારી ફેવરીટ સીરીયલની હીરોઈન વાળી પાર્ટી જીતે એમ છે કે નહી તે કહો!!

## પ્રેરણા વિદ્યાલય દ્વારા બાલોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧

આવકાર એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત સે-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલય દ્વારા બાલોત્સવ યોજવામાં આવશે. તા. ૫ અન ૬ મે દરમિયાન સવારે ૮-૦૦ વાગે સેકટર-૫ બગીચામાં બાલોત્સવ યોજાશે. આ બાલોત્સવમાં શહેરની કોઈ પણ શાળામાં અભ્યાસ કરતા ધો-૧ થી ૭ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. બાલોત્સવમાં બાળકનો સર્વાંગી વિકાસ થાય તે માટે અલગ અલગ રમતો રમાડવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ સમયસર સે-૫ બગીચામાં ઉપસ્થિત થવાનું રહેશે. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનીત કરવામાં આવશે.

## સે-૨૧ જીમખાના ખાતે સ્ટેટ એકવેટિક સ્પર્ધા માટે પસંદગી થશે

ગાંધીનગર, તા.૧

ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૪, રાજકોટ ખાતે યોજવામાં આવશે. સ્પર્ધાનું સિલેકશન સચિવાલય જીમખાના સે-૨૧ ખાતે યોજવામાં આવશે.

ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ સ્પર્ધામાં ૩૧મી સબ જુનિયર અને ૪૧મી જુનિયર સ્પર્ધા આગામી તા. ૨૨ અને ૨૩ મે ના રોજ રાજકોટ ખાતે યોજાશે. જેમાં ગાંધીનગર ડિસ્ટ્રીકટનું સિલેકશન તા.૧૨ મે, સોમવાર સાંજે ૫-૦૦ વાગે સચિવાલય જીમખાના સ્વિમીંગ પુલ સેકટર-૨૧ ખાતે યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા જિલ્લાના સ્પર્ધકોએ તા. ૯મે સુધી પ્રવેશ ફોર્મ રાકેશ ભટ્ટ જીમખાના સ્વિમીંગ પુલ સેકટર-૨૧ ખાતે જમા કરાવવાના રહેશે.

## આજે પ્રકૃતિથી વેગળો થતો જતો માણસ રાહત શોધે છે, કવિ, લેખક, ચિત્રકાર કે સંગીતકાર એનો તાર પોતાની કૃતિ દ્વારા પ્રકૃતિ સાથે જોડી દે છે

**All art is but imitation of nature - Seneca**

(બધી જ કલા માત્ર પ્રકૃતિનું અનુકરણ છે)

### આપણે અને પ્રકૃતિ

### અક્ષયપાત્ર

- બકુલ દવે

સદીઓ પૂર્વે પ્રકૃતિની અપાર વ્યાપકતા અને વૈવિધ્યનો મનુષ્યને પરિચય થવા લાગ્યો હશે તેમતેમ એ વધુને વધુ તેના વિશે ઊંડાણથી ચિંતન કરવામાં પરોવાયો હશે. ક્ષણેક્ષણે બદલાતાં જતાં નિસર્ગનાં રૂપ-રંગ, ગંધ, ધ્વનિ અને દૃશ્યોની લીલાથી એ પ્રભાવિત થયો હશે, નતમસ્તક થયો હશે. પહેલી જ વાર એની ભીંતર નિસર્ગની લીલાને આત્મસાત્ કરતાં કરતાં, પોતાનાં કૌશલ્ય અને સાધના દ્વારા અનુસરવાનું બીજ રોપાયું હશે. તે ક્ષણે કલાના આવિષ્કારનું ગર્ભાધાન થયું હશે.

મનુષ્યના હોવાપણાના - beingnessનાં મૂળીયાં પ્રકૃતિમાં છેક ઊંડે સુધી ઊતરેલાં હોય છે. પોતે પ્રકૃતિનો અંશ છે, તેનાથી પોતે અભિન્ન છે તે સત્યને પામવા માટે જાણે-અજાણે પણ એ પ્રયત્નશીલ હોય છે. નિઃશબ્દ રહીને પણ પ્રકૃતિ ઘણું કહી જતી હોય છે. એ ક્ષણેક્ષણે નિતનવા અક્ષરોમાં કવિતા લખતી હોય છે. પ્રકૃતિની સાથે સોયની અણી પર સ્થિર થવા જેવી તન્મયતા કેળવાય તો અનહદનો નાદ ઝીલી શકાય. પર્ણમર્મર અને જળવરમાંથી પણ સરગમ મળી આવે. કુદરતમાં નીરવ છે. તેને સાંભળવાની, અદૃશ્ય છે તેને નિહાળવાની અને નિરાકાર છે તેમાં આકાર શોધવાની મથામણ તે કલા છે. સ્થપતિ અને ચિત્રકાર માઇકલ એન્જલો કહેતો કે મને દરેક પથ્થરમાં શિલ્પ દેખાય છે. પથ્થરમાં બિનજરૂરી છે તે હું દૂર કરું છું ને શિલ્પ ઊપસી આવે છે. એ જ રીતે કોલાહલમાં બિનજરૂરી અવાજો દૂર કરી સંગીત મળી શકે. પ્રકૃતિની સાથે છે તે જરૂરી છે ને નથી તે બિનજરૂરી.

પ્રકૃતિ એટલે સ્વભાવ. સ્વભાવથી જે થાય છે તેમાં આત્મા ઉમેરાતો હોય છે. અન્ય ભાવથી થતું કામ માત્ર કીર્તિ અથવા તો પૈસા માટે થતું હોય છે. એવું કામ સ્વાભાવિક બની શકતું નથી. એમાં હંમેશાં કંઇક ખૂટતું હોય એવું અધુરું જણાયા કરે છે.

માણસ તરીકે ઓગળતા જઇ પ્રકૃતિની સાથે અદ્વૈત રચતો કલાકાર કશું સુંદર નિપજાવે ત્યારે તે માત્ર વાહક બની રહેતો હોય છે. પ્રકૃતિ અને કૃતિ વચ્ચેથી એ ખસી જતો હોય છે. આ સમજમ ધરાવતો કલાકાર પોતાની કલા દ્વારા ઇશ્વરને પામવા તરફ આગળ વધતો હોય છે. અનુકરણ તે મરણ છે, પણ પ્રકૃતિનું અનુકરણ તે ઇશ્વરનું શરણ બની રહે છે. આ શરણાગતિ નિજદર્શનની તક પૂરી પાડે છે. કલા દ્વારા માણસ ખાલીપાને ભરે છે. આજે પ્રકૃતિથી વેગળો થતો જતો માણસ રાહત શોધે છે. કવિ, લેખક, ચિત્રકાર કે સંગીતકાર એનો તાર પોતાની કૃતિ દ્વારા પ્રકૃતિ સાથે જોડી દે છે.

ભૌતિક બાબતોમાં વધુ ને વધુ રસ લેતો સર્જક જે સર્જે છે એમાં તર્ક રહેતો નથી. એ વાસ્તવિકતાથી પણ દૂર હોય છે. પ્રકૃતિ સાથે કલાકારનું જોડાણ ઢીલું હોય ત્યારે જ આવું બને છે. એવું હોય ત્યારે જ કલા અને કલાકાર બોલકાં (loud) જણાય છે. કલાનો સંબંધ જિવાતા જીવન સાથે જોડાઇ રહે તે જ એનો ઉદ્દેશ હોય છે. વૃક્ષ કે આકાશને સમગ્રપણે ન જોયાં હોત તો એનાં ચિત્રો કે એની પર લખાયેલાં ગીત-ગઝલ કેટલાં અસરકારક બની શકશે? વાસ્તવિક - સાર્થક કલાના માટે સર્જકે દુન્યવી રહીને પણ અપાર્થિવ તત્ત્વ સાથે નાતો જોડતાં શીખવું પડે. જેટલો સમય આ જગતની કૃતિકાર અલગ રહી શકે છે તે દરમિયાન એને ધ્યાન લાગી જતું હોય છે. પછી જે નીપજે છે તે કલા દિવ્ય અનુભૂતિ બની રહે છે, સર્જક માટે અને ભાવક માટે પણ.

## ગાંધીનગરની વિવિધ શાળાઓનાં પરિણામ

### શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય

| વિદ્યાર્થીનું નામ | મેળવેલ ટકા |
|---|---|
| **ધોરણ- ૯-અ** | |
| ગજ્જર જીનલ જગદીશભાઈ | ૯૮.૩૦ |
| ચૌધરી ભૂમિ બાબુભાઈ | ૯૬.૬૧ |
| રાવલ ધરતી રાજેશભાઈ | ૯૪ |
| **ધોરણ- ૯-બ** | |
| ચૌધરી દામિની રામજીભાઈ | ૭૬.૭૧ |
| ચૌધરી નિધી રમેશભાઈ | ૭૫.૪૨ |
| ચૌધરી કિંજલ હેમરાજભાઈ | ૭૩.૮૫ |
| **ધોરણ- ૯-ક** | |
| પટણી નિધિ વિજયભાઈ | ૮૬.૪૨ |
| પારેખ દેવાંગી કશ્યપભાઈ | ૮૩ |
| સૌંદરવા ઉર્મિલા કાનજીભાઈ | ૮૨.૫૭ |
| **ધોરણ- ૯-ડ** | |
| ચૌધરી નીતાબેન વેલજીભાઈ | ૮૪.૨૯ |
| ચૌધરી મિત્તલબેન દેવરાજભાઈ | ૮૩ |
| ચૌધરી નીતાબેન કાનજીભાઈ | ૮૨.૫૭ |
| **ધોરણ- ૧૧-અ** | |
| ડેકલીયા રીનાબેન નાગરભાઈ | ૮૧.૫૬ |
| ચૌધરી આરતીબેન ભૂરાભાઈ | ૭૩.૨૨ |
| ગોહિલ ઝલકબેન મહેન્દ્રસિંહ | ૭૧.૧૧ |
| **ધોરણ- ૧૧-બ** | |
| ચૌહાણ નીશાબેન રાજેશભાઈ | ૭૯.૬૭ |
| દત્ત ધારાબેન વિનોદભાઈ | ૭૬.૫૬ |
| દેસાઈ જીનલબેન બકુલભાઈ | ૭૬.૧૧ |

### પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સે-૩૦

| વિદ્યાર્થીનું નામ | મેળવેલ ટકા |
|---|---|
| **જુનિયર કેજી** | |
| ચંદા રામ | ૯૯ |
| સેજલ કુશ્વા | ૯૮ |
| અયાન પઠાણ | ૯૭ |
| **સિનિયર કેજી** | |
| ઉશ કુશ્વા | ૯૯ |
| અંકુશ પાલ | ૯૮ |
| નેન્સી વિશ્વકર્મા | ૯૭ |
| **ધો-૧** | |
| રાઠોડ મિતરાજસિંહ ગજેન્દ્રસિંહ | ૯૯ |
| પ્રસાદ નિખિલકુમાર નાગેન્દ્ર | ૯૮ |
| યાદવ આકૃતિ | ૯૭ |
| **ધો-૨** | |
| ગડરી પંકજ નારાયણભાઈ | ૯૮ |
| ગુર્જર સુરેશ હરદેવલાલ | ૯૭ |
| યોગી દિનેશનાથ | ૯૫ |
| **ધો-૩** | |
| યાદવ અંજલીકુમારી કનૈયાલાલ | ૯૬ |
| રાયકા વિષ્ણુ કલ્યાણભાઈ | ૯૫ |
| રામ વિકાસ રામચંદ્ર | ૯૩ |
| **ધો-૪** | |
| સિંઘ રોશનકુમાર અશોકકુમાર | ૯૬ |
| ગુપ્તા અજય મહેશ | ૯૩ |
| સુરાવત સોનિયા મોતિસિંહ | ૯૧ |
| કનોજીયા વિશાળ અનિલભાઈ | ૯૧ |
| **ધો-૫** | |
| રાઠોડ દિવ્યાકુમારી હમિરસિંહ | ૯૮ |
| રાઠોડ તન્વી દિપકભાઈ | ૯૫ |
| નિલેષકુમાર ભગેન્દ્રપ્રસાદ | ૯૦ |
| **ધો-૬** | |
| યાદવ રાહુલ વિક્રમભાઈ | ૯૮ |
| વિક્રમસિંઘ લક્ષ્મણસિંઘ | ૯૬ |
| સોનકર કરન લક્ષ્મણભાઈ | ૯૨ |
| **ધો-૭** | |
| પુષ્પેન્દ્રકુમાર સોબનસિંઘ | ૯૬ |
| નિરંજનકુમાર નાગેન્દ્રપ્રસાદ | ૯૫ |
| શર્મા ઉષાબેન ગોપાલભાઈ | ૯૪ |
| **ધો-૮** | |
| યાદવ અર્ચનાકુમારી | ૯૪ |
| સાગર સતીષ શર્મા | ૯૩ |
| રાયકા પ્રસાન્ત કલ્યાણ | ૯૨ |
| **ધો-૯** | |
| યાદવ સતિષ પ્યારેલાલ | ૯૫ |
| કુ. રેવન્તી માનારામ | ૯૨ |
| પટેલ કમલેશ ગંગારામ | ૯૧ |
| પટેલ પ્રેમશંકર રત્નાજી | ૯૧ |
| **ધો-૧૧ કોમર્સ** | |
| જયંતિલાલ હરજીરામ | ૮૧ |
| રાજપુત નિશાકુમારી | ૭૬ |
| પતોલે ધનશ્રી | ૭૪ |
| **ધો-૧૧ આર્ટસ** | |
| યોગેશકુમાર હરીશરામ | ૭૪ |
| વિશ્વકર્મા ગૌરવ | ૭૧ |
| યાદવ મહેશકુમાર જે. | ૬૮ |

**સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન**